# "નિસબત પ્રતીતિમાં પરિણમી છે." | મણિલાલ હ. પટેલ

[**દલિતવાણી** : પ્રવીણ ગઢવીનાં કાવ્યોનું સંપાદન : હરીશ મંગલમ્; પ્રકાશક : ગુજરાત દલિત સાહિત્ય અકાદમી : ચાંદખેડા, પ્ર. આ. ૨૦૦૬, પૃ. ૧૪+૭૨ કિં. રૂ. ૮૦/-]

વસ્તુનું સ્વરૂપ એનું કાર્ય નક્કી કરી આપે છે. કાર્યના સંદર્ભે વસ્તુ એનું નિજી રૂપ-સ્વરૂપ ધારણ કરે છે. દલિત સાહિત્યને પણ એનાં કાર્ય / હેતુ / ઉદ્દેશ પ્રમાણે ઘટાવવાનું હોય છે. લલિત સાહિત્ય નિર્ભેળ આનંદના હેતુથી રચાય છે એટલે એનું મૂલ્યાંકન, દેખીતી રીતે જ, સૌન્દર્યશાસ્ત્રના / કલાના સિદ્ધાંતોના આધારે કરવાનું હોય છે. દલિત સાહિત્ય 'એવા કશા આનંદ' માટે નથી રચાતું. એ તો સામાજિક પરંપરાઓના પરિપ્રેક્ષ્યમાં રહીને અન્યાયોને, વિષમતાઓને, વર્ગભેદને, શોષણને તાકીને રચાય છે. એ સહાનુભૂતિ માટે પણ નથી રચાતું; એ તો રચાય છે સમતામૂલક સમાજની સમતોલ રચના સારુ. એમાં સૌમ્ય આક્રોશ અને વિવેકભર્યા વિદ્રોહને પણ અવકાશ છે. 'સૌમ્ય' અને 'વિવેક' એટલા માટે કે એ 'સાહિત્યનો' માધ્યમ લેખે ઉપયોગ કરે છે. માધ્યમનો પોતાનો એક ધર્મ હોય છે. બંને સાહિત્યોએ એ પાળવાનો રહે છે. દલિત સાહિત્યને આ બાબતોમાં 'સાહિત્યનું સમાજશાસ્ત્ર-ની દૃષ્ટિએ મૂલવવાનું રહે છે. દલિત સાહિત્યને સામાજિક સંદર્ભોમાં તાગવાનું અને સમજીને અંકે કરવાનું હોય છે. આ ધોરણે આપણે 'દલિતવાણી' વિશે કેટલીક ચર્ચા કરીશું :

પ્રવીણ ગઢવી વ્યવસાયે કલેક્ટર કક્ષાનો હોદ્દો ધરાવતા, દલિતેતર સમાજનું ફરજંદ છે. પણ એમની કાવ્યરચનાઓ કહેતાં 'દલિતવાણી' એકાધિક સંદર્ભે ધ્યાન ખેંચે છે. બિનદલિતોનેય શોષણ અને અન્યાયની નવાઈ નથી. જીવનના અનુભવો બહુમુખી અને સંકુલ હોય ત્યારે જ સર્જકને મજા આવે છે. શોષણ, અન્યાય, ઉપેક્ષા, અપમાનનો ભોગ બનનાર માણસને પીડિત ગણાવી શકાય. દલિત અને દલિતેતર બંનેને ભાગે પીડા આવે છે. અ-દલિતનેય સામાજિક વિષમતાઓનો ભોગ બનવાનું આવ્યું છે. પણ દલિતો એકાધિક રીતે દમિત, પીડિત અને શોષિત રહ્યા છે – રખાયા છે. આ સ્થિતિઓની સામે 'દલિતવાણી'નો કવિ અવાજ ઉઠાવે છે. આ રચનાઓ કવિના ત્રણ સંચયો – 'બૅયોનેટ' (૧૯૮૫); 'પડછાયો' (૧૯૯૬) અને 'તૂણીર' (૨૦૦૦)માંથી ગાળીચાળીને લેવાઈ હોવાથી પ્રમાણમાં ધાર્યું ધ્યેય તાકવામાં સફળ થયેલી રચનાઓ છે. કૃતિગત વિશેષો કૈંક આવા છે :

* આ રચનાઓ પ્રતિબદ્ધ રચનાઓ છે.

* આ રચનાઓના કેન્દ્રમાં પીડિત સમાજની વ્યથાઓ છે.

* સદીઓથી વેઠતી આવેલી પ્રજાની યાતનાઓ બાબતે કવિએ વેઠનારી પ્રજા અને શોષકોને – એમ બંનેને પ્રશ્નો કર્યા છે !

* સામાજિક વાસ્તવને માર્મિક રીતે રજૂ કરવા સારુ આ રચનાઓ વ્યંગનો, નર્મનો, ઉપહાસનો આધાર લે છે.

* રૂપકો તથા પ્રતીકો યોજીને પણ માધ્યમનો પ્રભાવક ઉપયોગ કરવાનો કવિ પાસે કસબ છે.

* સાંપ્રત સમાજમાં પણ હજી પીડિતો પરના અત્યાચારો અટક્યા નથી, એ સંદર્ભે પણ કવિનો ઉચિત આક્રોશ વ્યક્ત થયો છે.

આ પ્રત્યેક વિશેષની પ્રતીતિ કરતી એકાધિક રચનાઓ ટાંકી શકાય એમ છે. પણ આપણે કેટલીક રચનાઓ કે એના અંશો નોંધીને કવિનો સૂર સમજીશું :

'દૂર રહો / સ્પર્શ ન કરો અમ અસ્પૃશ્યોને / ભલે અસ્પૃશ્ય રહેતાં અમારી કન્યાઓનાં કૌમાર્ય / તમારી હિંસ્ર વાસનાઓથી / સ્પર્શ ન કરો અમ અસ્પૃશ્યોને...' (પૃ. ૭)

ભદ્ર સમાજની 'હિંસ્ર વાસનાઓ'થી દલિતો પીડિત છે. એમને માટી-તડકો-જળ-હવા-આકાશ બધાંથી જાણે વંચિત રાખવામાં આવ્યા છે... એમને આઘા, અળગા ને તિરસ્કૃત રાખ્યા પછીય પીડાઓ આપી છે. જળ-માટી-તડકો-હવાની વાતેય એમને ત્રાસ આપ્યો છે. એટલે 'શસ્ત્રસંન્યાસ' (પૃ. ૬)માં કવિ કહે છે :

'અમારે દેશ નથી / વેશ નથી / ખેડવા ખેતર નથી / રહેવા ખોરડું નથી / આર્યાવર્તના કાળથી આજ સુધી તમે / ઘાસનું તણખલુંય અમારે માટે રહેવા દીધું નથી. / ચાલો, અમે બધું ભૂલી જઈએ, / તમે ગામમાં ચણેલી દીવાલો તોડી નાખવા તૈયાર છો ??'

આ દીવાલો પ્રતીકરૂપ છે. કેટકેટલા નિષેધોની દીવાલો અહીં ભાવકના ચિત્તમાંથી પસાર થાય છે. થૂંકવાની કુલડી, પૂંઠે પગલાં લૂછતું ઝાડું... દબાયેલું- ચંપાયેલું અસ્તિત્વ – 'ભૈશાબ : માબાપ' કર્યા કરે છે ! કવિનો આક્રોશ આવું વેઠનારાઓ તરફ પણ છે. ખોપરીઓ અને શીંગડીઓમાંથી ઓજાર ઘડીને શોષકોની સામે નહિ થનારી – નહિ થઈ શકનારી પેઢીઓની વાત કરીને કવિ આજે અન્યાય સામે લડી લેવા 'આહ્વાન' કરે છે... (પૃ. ૧૧) 'સૂર્યોદયની પ્રતીક્ષા' (પૃ. ૧૬) ઘણી કરી, હવે બહુ થયું... અઘરું લાગે તોય હવે પોતે જ પોતાના મસીહા બનવું પડશે. માનવજાત તો નીંભર છે – એનું 'બ્રેઇનવૉશ' (પૃ. ૪) ઝટ થઈ શકતું નથી. કવિ આ નિમિત્તે અત્યાચારો અને અમાનુષી કૃત્યો ગણાવે છે. ભાવકમાં અનુકંપા જાગે છે; પણ કવિને તો આક્રોશ ખપે છે... ગાંધી, આંબેડકર કે બુદ્ધનાં નામ-કામ ગોખવાથી કશું વળતું નથી. નિર્ભ્રાન્ત થઈને નવું ને નિજી જુદ્ધ ખેલવાની અને સમતોલ સમાજ રચવાની પૉઝિટિવ વાત કરતો આ કવિ જાણે દુનિયાભરનાં ગરીબો-શોષિતો વતી બોલતો સંભળાય છે. આ સંચયનો આવો નોખો સૂર મહત્ત્વનો બની રહે છે. બાકી કવિને ખબર છે કે 'અનામતો'ના ટુકડાથી દલિતોનો ઉદ્ધાર થવાનો નથી (પૃ. ૨૩ બાર્ટર પદ્ધતિ) અને દંભી સમાજની સ્વાર્થી માનસિકતા કદી બદલાવાની નથી. કવિની નિઃસહાયતા ભાવકને પણ વ્યગ્ર કરે છે. અહીં ગંગાજળ કે સીતા પણ દુરાચારનો ભોગ બનેલાં છે... એટલે કવિ પેલા કાશીએ જઈને કરવત મુકાવતા મનેખની જેમ કઠિયારાને સંબોધીને માર્મિક ઉદ્‌ગારો કરે છે :

'O wood cuter, / cut my shadow / હિન્દુ બનું / બુદ્ધ બનું / મુસલમાન બનું / આ પડછાયો કપાતો નથી / મારાથી. / કુલડી ગઈ / સાવરણી ગઈ / આ પડછાયો છૂટતો નથી / મારાથી. / નામ બદલું / કામ બદલું / ઠામ બદલું / જાત બદલું / આ પડછાયો છોડતો નથી. / ભાષા બદલું / વેશ બદલું / ઇતિહાસ બદલું / આ પડછાયો તૂટતો નથી. / સ્મૃતિ રચું / બંધારણ રચું / કાયદા રચું / થાપણ બનું / કોઈ કાળે આ પડછાયો ભૂંસાતો નથી. / O, wood cuter, / cut my shadow !' (પૃ. ૧૭)

આ પ્રતીકાત્મક રચના અઢળક સંદર્ભોથી ઘણું ઘણું કહી દે છે. ભારતીય દલિત કવિતામાં આવી રચનાને જરૂર સ્થાન છે. લલિત સાહિત્યમાં loudness (બોલકાપણું) મર્યાદા ગણાવાય છે; પણ દલિત સાહિત્યમાં Loudness જો અગ્નિની જિહ્વા જેમ લપકતી હોય તો આવકાર્ય

ગણાવી ઘટે. Loudનું પણ એસ્થેટિક્સ રચી શકાય છે. અછાંદસના આરોહ-અવરોહ તથા કાકુઓનો કવિએ સારો લાભ લીધો છે. એમનામાંનો કવિ સાબદો છે છતાં ‘બહિષ્કૃત ફૂલો’ના કવિ નીરવ પટેલ જેવી મૂળગામિતા, મર્મગામિતા અને વ્યાપકતા પ્રવીણ ગઢવીમાં પ્રગટી શકી નથી એટલું ચીંધીને આ સંચયને આવકારીએ.